
**વડીલોને વંદન અભિનંદન**



ડૉ.કેશુભાઈ દેસાઈ
(૧૯૪૯)મો.૯૮૭૯૫૪૩૧૩૨

# હિંમતનગર નજીક રેલવે ફાટક પર ટ્રેક્ટર-ટ્રેન વચ્ચે અકસ્માત : ૨ના મોત

## એક બાળક સહિત બે ના મોત ચાર ઘાયલ : લગ્ન પ્રસંગ પતાવી જાનૈયા ટ્રેક્ટરમાં પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો

હિંમતનગર, તા. ૨

હિંમતનગર તાલુકાના નવલપુર ગામ પાસે આવેલા માનવ રહીત રેલવે ફાટક ઉપર ટ્રેક્ટર અને ટ્રેન વચ્ચે અકસ્માત સર્જાતા એક પાંચ વર્ષના બાળક સહિત બે વ્યક્તિના ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા. જ્યારે ચાર મહિલાઓને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવેલ છે. બનાવની જાણ થતાં રેલવે અને સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી રાહત કામગીરી હાથ ધરી હતી.

અકસ્માતના બનાવની વિગત અનુસાર હિંમતનગર તાલુકાના નવલપુર ગામના એક ક્ષત્રિય પરિવારના ત્યાં લગ્ન પ્રસંગ હોઈ આજે સવારે ટ્રેક્ટરમાં જાન લઈને જામળના છાપરા ગયા હતા. લગ્ન વિધિ પતાવી જાનૈયા ટ્રેક્ટરમાં પરત નવલપુર આવી રહ્યા હતા ત્યારે નવલપુર ગામ પાસે આવેલ માનવ રહીત ફાટક ઉપર ટ્રેક્ટર અને ઉદેપુરથી અમદાવાદ તરફ જતી ટ્રેન વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પાંચ વર્ષના બાળક સિદ્ધરાજસિંહ કમલેશસિંહ ભેમાવત અને વક્તુસિંહ મોબતસિંહ ભેમાવત (ઉ.વ.૫૫)નું ઘટનાસ્થળે કરૂણ મોત નીપજ્યા હતા. જ્યારે શારદાબેન ભેમાવત, ચિંકલબેન રાઠોડ, કાજલબેન પરમાર અને ડીમ્પલબેન ભેમાવતને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી ખાનગી હોસ્પિટલમાં સીફ્ટ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

ટ્રેક્ટરમાં ૧૦ જેટલા જાનૈયા સવાર હતા. જેમાંથી ૪ વ્યક્તિનો અદ્ભૂત બચાવ થવા પામ્યો હતો. બનાવની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ઘાયલોને હોસ્પિટલમાં ખસેડ્યા હતા. રેલવે અને સ્થાનિક પોલીસ પણ અકસ્માતની જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી રાહત કામગીરી હાથ ધરી હતી. બનાવની જાણ થતાં આજુબાજુથી લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

# બાળકોને પરિણામની સાથે બાળ નરેન્દ્રની ભેટ અપાઈ

## સંસ્કાર ધામ સ્કૂલમાં ધોરણ ૮ અને ૯ના વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર : ભેટથી રાજકીય પક્ષોમાં નવી ચર્ચા શરૂ

અમદાવાદ, તા.૦૨

અમદાવાદના ધુમા વિસ્તારમાં આવેલી સંસ્કારધામ સ્કુલમાં આજે ધોરણ-૮ અને ૯ના વિદ્યાર્થીઓનું પરિણામ હતું. ત્યારે હોંશે હોંશે પરિણામ લેવા આવેલા બાળકોને શિક્ષકોએ તેમનું પરિણામ તો આપ્યું જ હતું સાથે સાથે હજુ થોડા સમય પહેલા જ ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના બાળપણ પર પ્રકાશિત થયેલી પુસ્તક બાળ નરેન્દ્ર પણ ભેટમાં આપી હતી. જેને લઈ આગામી સમયમાં ફરી એક વિવાદ સર્જાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સમર્થકો તેમને પ્રમોટ કરવાની એક પણ તક જતી કરતા નથી, ત્યારે રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં પરીક્ષા પૂર્ણ થયા બાદ અત્યારે પરીણામ આપવામાં આવી રહ્યા છે. જેના લાભ પણ મોદી સમર્થકો દ્વારા નરેન્દ્ર મોદીના પ્રચાર માટે કરવામાં આવી રહ્યો હોવાનો કિસ્સો સામો આવ્યો છે. જેમાં અમદાવાદના ધુમા વિસ્તારમાં આવેલી સંસ્કારધામ સ્કુલમાં આજે ધોરણ-૮ અને ૯ના વિદ્યાર્થીઓનું પરિણામ સાથે સાથે હજુ થોડા સમય પહેલા જ ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના બાળપણ પર પ્રકાશિત થયેલી પુસ્તક બાળ નરેન્દ્ર પણ ભેટમાં આપી હતી. જેને લઈ આગામી સમયમાં વિવાદ સર્જાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્કુલના એક વાલીએ બાળકનું નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, આજે સંસ્કારધામમાં મારા દિકરાનું ધોરણ નવનું પરિણામ હોવાથી અમે સ્કુલે ગયા હતા, જ્યાં શિક્ષકે પરિણામ સાથે બાળ નરેન્દ્ર નામનું પુસ્તક પણ ભેટમાં આપ્યું હતું. જો કે સ્કુલ સત્તાવાળાઓએ આવું કોઈ પુસ્તક આપ્યું હોવાનો ઈનકાર કર્યો છે. સંસ્કારધામના ડિરેક્ટર આરકે શાહે જણાવ્યું હતું કે આજે ધોરણ- ૮ અને ૯નું પરીણામ હતું, પરંતુ નરેન્દ્ર મોદી અંગેનું કોઈ પુસ્તક આપાયું નથી આ વાતમાં કોઈ તથ્ય નથી.





વડાલી સત્તાવીસ વાળંદ સમાજ દ્વારા સમાજનો ત્રીજો સમુહ લગ્ન સમારંભ શુક્રવારના રોજ અંબિકા માતાજી મંદિર પરીસરમાં યોજાયો હતો. સમુહ લગ્નમાં ૪ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવયુગલોને આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે દાતાઓ તરફથી દાન તથા કન્યાદાનની સરવાણી વહાવવામાં આવી હતી. દાતાઓ તરફથી તિજોરી, પાનેતર, ચાંદીના છડા, સોનાની ચુની, ચાંદીના સિક્કા સહીત ૫૨ ચીજવસ્તુઓ કન્યાદાનમાં અપાઈ હતી. આ પ્રસંગને સફળ બનાવવા પ્રમુખ મણીલાલ નાઈ, ઉપપ્રમુખ નારાયણભાઈ નાઈ, મંત્રી પુંજીરામ નાઈ તથા સમુહ લગ્ન આયોજન સમિતિ તથા વાળંદ સમાજ સલાહકાર સમિતિના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કેસની ટ્રાયલ છ માસમાં પૂર્ણ કરવાનો ટ્રાયલ કોર્ટને આદેશ

અમદાવાદ, તા.૦૨

ચકચારી અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં સંકળાયેલા આરોપી હસીબ રજાએ જામીન મેળવવા સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. સુપરીમ કોર્ટે જામીન અરજીના અનુસંધાનમાં આરોપી હસીબ રજાની જામીન અરજી ફગાવી દઈ જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટે સિરિયલ બ્લાસ્ટ કેસ ડે-ટુ-ડે ચલાવી કેસ છ માસમાં પૂર્ણ કરે. સુપ્રીમ કોર્ટેઅમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસની ટ્રાયલ છ માસમાં પૂર્ણ કરવા આદેશ આપ્યો છે.

વર્ષ ૨૦૦૮માં અમદાવાદમાં ત્રાસવાદીઓ દ્વારા ૧૭ જેટલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા હતા. આ બોમ્બ બ્લાસ્ટમાં ઘણા નિર્દોષ લોકો માર્યા ગયા ગયા હતા. આ સિરિયલ બ્લાસ્ટની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી. ક્રાઈમબ્રાન્ચે અત્યાર સુધી ૮૧ આરોપીઓની ધરપકડ કરી હતી જેમાં હાલ ૭૬ જેટલા આરોપીઓ સામે ખાસ અદાલતમાં સુનાવણી યોજાઈ રહી છે. દેશદ્રોહના કેસમાં ઝડપાયેલા આરોપી હસીબ રજાએ કાયમી જામીન મેળવવા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે કેસની ગંભીરતા જોઈ આરોપીના જામીન ફગાવી દીધા હતા.

ઉપરાંત સુપ્રીમ કોર્ટે ટ્રાયલ કોર્ટને કેસની ટ્રાયલ રોજેરોજ ચલાવી કેસ છ મહિનામાં પૂર્ણ કરવા આદેશ આપ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ક્રાઈમબ્રાન્ચે હસીબ રજા પર એવો આરોપ મુક્યો હતો તેમણે બ્લાસ્ટના મુખ્ય આરોપી અબ્દુલ તૌકીર, અબ્દુલ રાજીક સહિતના ત્રણ આરોપીઓને અલગ-અલગ નામે બિહારમાં નોકરી અપાવી હતી. તપાસ એજન્સીએ ૮૧ આરોપીઓની ધરપકડ કરી ખાસ અદાલતમાં અમદાવાદ-સુરત બ્લાસ્ટ કેસમાં ૩ હજાર જેટલા સાક્ષી સાથેની ચાર્જશીટ રજુ કરી છે. ઉપરાંત અત્યાર સુધી ૩૩૩ સાક્ષીઓએ ખાસ અદાલતમાં જુબાની આપી છે.



પાલનપુરના કિર્તીસ્તંભ શાળામાં મતદાન મથકે આજે ઢુંઢીયાવાડીમાં રહેતા ગીરજાશંકર લુહાણના લગ્ન હોવાથી લગ્ન પતાવી તેમની નવવધૂ સાથે આવી મતદાન કર્યું હતું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## તૃતિય યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા તૃતીય યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ તા. ૪ મે, રવિવારના રોજ યોજવામાં આવશે. સમારોહ અંતર્ગત રાસ ગરબા તા. ૩ મે શનિવાર રાત્રે ૮-૦૦ વાગે સેકટર-૨૩ લગ્નવાડી ખાતે યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં ગોંડલ ભુવનેશ્વરીપીઠના આચાર્ય ઘનશ્યામજી મહારાજ ઉપસ્થિત રહેશે.

## આચારસંહિતા આંશિક રીતે હળવી બનાવાઈ છે

ગાંધીનગર, તા.૦૨

ભારતના ચૂંટણીપંચે સૂચનાઓ જારી કરીને તા. ૧લી મે થી આંશિક રીતે હળવી કરી છે. જે વિસ્તારોમાં પુનઃ મતદાન (રી પોલીંગ) નથી તેવા વિસ્તારોમાં વહીવટી અને વિકાસ કાર્યો કરી શકાશે. પરંતુ ચૂંટણી સાથે જોડાયેલા અધિકારી-કર્મચારીઓની બદલી કરી શકાશે નહીં તેમજ મંત્રીઓ કે કોઈપણ રાજકીય વ્યક્તિ સમીક્ષા બેઠક યોજી શકશે નહીં.

## પોરબંદરમાં ચાર મતદાન મથકો પર આજે પુનઃ મતદાન

ગાંધીનગર, તા. ૨

પોરબંદર લોકસભા બેઠકમાં સમાવિષ્ટ કુતિયાણાના ચાર ગામોમાં આવતીકાલે પુનઃ મતદાનનો નિર્ણય ચુંટણી પંચ દ્વારા કરવામાં આવ્યો છે.

લોકસભાની સામાન્ય ચુંટણી માટે ગત તા. ૩૦મી એપ્રિલ ૨૦૧૪ના રોજ ચુંટણી યોજાઈ હતી. આ ચુંટણી દરમિયાન પોરબંદર લોકસભા મતવિસ્તારના કુતિયાણા મત વિભાગના દેબોદર, ચિત્રાળા, એરડા અને મહીરા એમ ચાર મતદાન મથકોમાં બોગસ વોટીંગ થયું હોવાની રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવેલી ફરિયાદોને પગલે ચૂટણી પંચે આ ચારેય મતદાન મથકો પર પુનઃ મતદાન કરાવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ચારેય મતદાન મથકો પર આવતીકાલે સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે.

# રાણીપમાં અદાવતમાં હુમલો કરવા બદલ પાંચની ધરપકડ

## પેટ્રોલિંગ કરી રહેલી ટીમ પર હુમલા બાદ કાર્યવાહી થઈ

અમદાવાદ, તા.૦૨

અમદાવાદ શહેરના રાણીપ વિસ્તારમાં ગતરાત્રીના અંગત અદાવતમાં પોલીસ ટીમ પર હુમલો કરવા બદલ અંતે પાંચ શખ્સોની ધરપકડ કરાઈ છે. પકડાયેલ આરોપીઓએ ગતરાત્રીના વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહેલા એએસઆઈ અને બે પોલીસ કોન્સ્ટેબલ પર તલવાર વડે હુમલો કર્યો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, રાણીપ પોલીસ સ્ટેશનની નજીક ગતરાત્રીના પ્રહલાદસિંહ સોલંકી તેમજ પોલીસ કોન્સ્ટેબલ રાજુભાઈ અને કિર્તીસિંહ રાણા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સુભાષબ્રીજ પાસે બસ સ્ટેન્ડ આગળ પાર્કિંગ કરવા બાબતે પોલીસ અને બે યુવકો સાથે તકરાર થઈ હતી. આ અંગેની અદાવત રાખી અસામાજીક તત્ત્વો પોતાના અન્ય સાગરીત સાથે રાત્રીના ઈનોવા કારમાં તલવાર સહિતના હથિયારો સાથે ત્યાં આવી પહોંચ્યા હતા. પેટ્રોલીંગ કરી રહેલા એએસઆઈ પ્રહલાદસિંહ અને બે પોલીસ કોન્સ્ટેબલ રાજુભાઈ અને કિર્તીસીંહ ને તે માર માર્યો હતો.

જેમાં એએસઆઈ અને પોલીસ કોન્સ્ટેબલને ગંભીર ઈજા થઈ હતી. પોલીસ પર થયેલા હુમલા અંગે રાણીપ પોલીસ મથકમાં ફરીયાદ દાખલ થઈ હતી. પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી આરોપી વિરમ રબારી (ઉ. ૫૦) (રહે. ગોપાલનગર, ઘાટલોડીયા), મહેશ રબારી (ઉ.૩૧) (રહે. નહેરૂનગર), આલાપ વાલજીભાઈ રબારી તથા દશરથ રબારી અને અમરતભાઈ રબારીની ધરપકડ કરી છે. પકડાયેલ પાંચ આરોપી પાસેથી પોલીસે એક તલવાર, બે લાકડી અને એક ઈનોવા કાર કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. આ આરોપીઓએ પાર્કિંગ બાબત જેવી સામાન્ય બાબત લઈને પોલીસ પર હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

## વડોદરામાં નરેન્દ્ર મોદીના જીતના માર્જિન પર નજર

વડોદરા,તા.૨

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની વડોદરા બેઠક પર ઉંચું મતદાન થયા બાદ મોદીના જીતના માર્જિન ઉપર તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. બુધવારના દિવસે આશાસ્પદરીતે મતદાન થયું હતું. અગાઉના મતદાનની સરખામણીમાં વધારે મતદાન થયું હતું.

લોકસભા ચૂંટણીમાં ઉંચુ મતદાન થયા બાદ ગણતરી શરૂ થઈ ચુકી છે. વડોદરા બેઠક પર ૭૦.૫૭ ટકા મતદાન થયુંછે. ૨૦૦૯માં અહીં માત્ર ૪૯.૦૨ ટકા મતદાન થયું હતું જે દર્શાવે છે કે, આ વખતે ખુબ ઉંચુ મતદાન થયું છે. આદિવાસી વિસ્તારોમાં પણ મતદાનની ટકાવારી વધી છે. ગુજરાતમાં મોદી લહેર છે કે કેમ તેને લઈને પણ ચર્ચા શરૂ થઈ છે. નરેન્દ્ર મોદીની તરફેણમાં અહીં હંમેશા મતદાન થયું છે. પક્ષના મોટા ભાગના લોકો માની રહ્યા છે કે, મોદીની જીત નિશ્ચિત છે.

અત્રે નોંધનીય છે કે, લોકસભાની ચૂંટણીમાં સૌથી જંગી જીતનો રેકોર્ડ સીપીઆઈ એમના અનિલ બાસુનો છે. બાસુએ ૨૦૦૪માં પશ્ચિમ બંગાળમાં આરમ બાદ બેઠક ૫૯૨૫૦૨ મતે જીતી હતી જે રેકોર્ડ છે. મોદી આ રેકોર્ડને તોડશે કે કેમ તેને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા ચાલી રહી છે.

# સીએસ વિદ્યાર્થીને સિલેક્ટિવ સબ્જેક્ટનો વિકલ્પ મળી જશે

## સીએસ માટે પાંચ વિષયોની સુવિધા શરૂ : વિદ્યાર્થીઓને એક વિષય પસંદ કરવાનો રહેશે : ફોર્મની પ્રક્રિયા પરિપૂર્ણ

અમદાવાદ, તા.૦૨

હવે વિદ્યાર્થીઓ કંપની સેક્રેટરીશીપના અભ્યાસક્રમ માટે સિલેક્ટિવ વિષયની પસંદગી જાતે કરી શકશે. હાલમાં જ ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયા દ્વારા સીએસ માટે ૫ સિલેક્ટિવ વિષયોની સુવિધા શરૂ કરવામાં આવી છે. જેમાંથી વિદ્યાર્થીઓએ એક વિષય પસંદ કરવાનો રહેશે. જેની પરીક્ષા આગામી જૂન મહિનામાં લેવામાં આવશે. આ માટે વિદ્યાર્થીઓનાં ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયા દ્વારા કંપની સેક્રેટરીશીપ વિદ્યાર્થીને રાહત આપવા માટે એક મહત્વ પૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

જે મુજબ વિદ્યાર્થીઓ કંપની સેક્રેટરીશીપનાં અભ્યાસક્રમ માટે સિલેક્ટિવ વિષયની પસંદગી જાતે કરી શકશે. હાલમાં જ ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયા દ્વારા સીએસ માટે પાંચ સિલેક્ટિવ વિષયોની સુવિધા શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ પાંચ સિલેક્ટિવ વિષયોમાંથી કોઈ પણ એક વિષય પસંદ કરી શકે છે. ત્યારબાદ પરીક્ષામાં વિદ્યાર્થીઓ નવા અભ્યાસક્રમ મુજબ સ્ટડી મટીરીયલ, કલાસ નોટ્સ, ટેક્સ્ટ બુક્સ, બેર એક્ટની ખરીદી કરી શકે છે. પરંતુ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં પ્રશ્નમાં માંગવામાં આવેલ વિગતો મુજબ જવાબ આપવાના રહેશે. આ પરીક્ષા જૂન મહિનામાં લેવામાં આવશે. જેમાં ૧૦૦ માર્કના પ્રશ્નપત્રમાં કુલ છ પ્રશ્ન પુછવામાં આવશે. જેમાં પ્રથમ પ્રશ્ન ૫૦ માર્કનો રહેશે, જે કેસ સ્ટડી પર આધારીત હશે, જેનો જવાબ વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછા ૩૪૦૦ થી ૪૦૦૦ શબ્દોમાં લખવાનો રહેશે.

# અખાત્રીજે હજારો જૈનોએ વર્ષીતપના કરેલા પારણા

અમદાવાદ, તા.૦૨

વૈશાખ સુદ ત્રીજને રોજ જૈન શ્રાવકોના વર્ષીતપના પારણા યોજાયા હતા. ધર્મનગરી પાલિતાણા, અમિયાપુર ખાતેના મેરૂધામતીર્થ, ધોળકા સ્થિત કલીકુંડ તીર્થ અને અમદાવાદ શહેરમાં રિવરફ્રન્ટ ખાતે બનાવેલી હસ્તીનાપુરનગરી તથા ઓઢવ જૈન સંઘમાં વર્ષીતાપના પારણાનું આયોજન કરવામાં આવ્યું હતું.



લક્ષ્મીવર્ધક જૈન સંઘમાં ૧૭૭ વર્ષીતપના તપસ્વીઓના સામુહિક પારણા નેમિસૂરીસમુદાયના સોમચંદ્રસુરીજી આદિઠાણાની નિશ્રામાં યોજવામાં આવ્યા હતા. આ સામુહિક પારણા નિમિત્તે સંઘ દ્વારા પંચાન્હિકા મહોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શુક્રવારે સવારે આદર્શિવર ભગવાનનું પ્રક્ષાલ કરવામાં આવ્યા હતા. રિવરફ્રન્ટ ખાતે બનાવેલી હસ્તીનાપુરનાપુર નગરી ૧૭૭ તપસ્વીઓના સામુહિક પારણા યોજાયા હતા. તપસ્વીઓને પારણા કરાવવા માટે મોટી સંખ્યામાં જૈન સમાજના લોકો ઉમટી પડ્યા હતા. લક્ષ્મીવર્ધક જૈન સંઘ દ્વારા તપસ્વીઓને સામુહિક પારણા કરાવવા માટે ખાસ આયોજન કર્યુ હતું. હિસ્તનાપુર નગરીમાં બાળકોથી માંડીને મોટી ઉંમરના વડીલો સુદી તમામ લોકોએ વર્ષીતપના પારણા કર્યા હતા. અમિયાપુર ખાતેના મેરૂધામતીર્થ ખાતે રાષ્ટ્રસંત આ. પદ્મસાગરસૂરિ, આ.ઈન્દ્રેસન સૂરિશ્વલરજી તથા આ. હર્ષસેનસૂરિશિર્વરજી મ.સા.ની નિશ્રામાં શહેરના ૮૦ તપસ્વીઓના વર્ષીતપના પારણા યોજાયા હતા. જેમાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં જૈનો મેરૂધામ તીર્થ ખાતે વહેલી સવારે પહોંચ્યા હતા. નિશ્રામાં ૧૨ સાધુ-સાધ્વીજી ભગવંતની ઉપસ્થિતિમાં વષીતપના સામુહિક પારણા યોજાયા હતા.

## શબ્દાવલી - ૫૩૮૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | | |
| ૧૦ | | ■ | ૧૧ | | ■ | ■ | |
| ■ | ■ | ૧૨ | | | ■ | ■ | |
| ૧૩ | ૧૪ | | ■ | ■ | ૧૫ | ૧૬ | ■ |
| ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | | | ■ |
| | ■ | ૨૦ | | | ■ | | ■ |
| ૨૧ | | | | ■ | ૨૨ | | |

### આડી ચાવી

૧. તમસ, અંધકાર (૩)
૪. વરરાજા, કન્યા માટે શોધાય તે (૪)
૮. એકદમ મારેલી ઝુંટ (૩)
૯. પૈસા, પરચુરણ (૪)
૧૦. સૂર્ય, ભાસ્કર (૨)
૧૧. કાંજી, ઘેંસ (૨)
૧૨. પતંગની એક જાત (૩)
૧૩. રસ્તો, કેડી (૩)
૧૫. તરવરાટ, જોમ (૨)
૧૭. ઉતાવળ રાખ, ... રાખ(૨)
૧૮. કલ્યાણ, પાડ, ભલું કરવું(૪)
૨૦. કંજુસ, લોભી (૩)
૨૧. દેશનિકાલ, દેશવટો (૪)
૨૨. બોલવા માટે ધ્વનિવર્ધક યંત્ર (૩)

### ઊભી ચાવી

૧. અંદરનું, નજીકનું (૩)
૨. બોમ્બેની કુખ્યાત ઝુંપડપટ્ટી(૩)
૩. સુંદરતા, દેખાવ (૨)
૪. હરિફાઈ (૪)
૫. અવાજ, કલશોર (૨)
૬. નાના છોકરા બાળભાષામાં કીડીને... પણ કહી દે (૨)
૭. ભટકતું, રખડતું (૪)
૧૧. ફરિયાદી (૨)
૧૨. ઊભો મોલ (૨)
૧૩. જિલ્લા તાલુકામાં દિવાની વહીવટ કરવા લોકોએ ચુંટેલા માણસ (૪)
૧૪. ઝાડના મૂળ પછીનું થબડું(૨)
૧૫. ઝોલા (ઊંઘના) ડોલા (૨)
૧૬. લગ્ન વખતે... વગાડાય(૪)
૧૮. પર, ઊંચે (૩)
૧૯. પરંતુ (૨)
૨૦. અનુકંપા (૨)

### શબ્દાવલી ૫૩૮૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) જમાદાર (૫) પંચર (૮) ટકટક (૯) ચાકડો (૧૦) મમત (૧૪) પસ (૧૬) પતાસા (૧૮) મેળાવડો (૧૯) સત્કાર (૨૩) જકડવું (૨૪) ડફલી

**ઊભી ચાવી :-** (૧) જટ (૨) માકટ (૩) દાટ (૪) રકમ (૫) પંચાત (૬) ચક (૭) રડો (૧૧) મનમેળ (૧૨) તાપસ (૧૩) કંકાસ (૧૪) પવન (૧૫) સડો (૧૭) તાત્કાલિક (૨૦) સુવુ (૨૧) છોડ (૨૨) ખોલી

### સોનાની આયાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓછો આંકડો નોંધાયો છે. ચાંદીના મામલે પણ આવી જ સ્થિતિ રહી છે. ચાંદીની આયાત પ્રમાણમાં સુધરી છે. એપ્રિલ ૨૦૧૪માં ચાંદીની આયાત ૬૬.૧૫ મેટ્રિક ટન રહી હતી. ૨૦૧૩-૧૪માં ૧૪.૨૫ મેટ્રિક ટન ચાંદીની આયાત કરવામાં આવી હતી જે એક વર્ષમાં છેલ્લા પાંચ વર્ષની સૌથી વધારે હતી. સોનાની કિંમતમાં ઉતારચઢાવ અને ડ્યુટીના પરિણામ સ્વરુપે આયાતમાં ઘટાડો થયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ઉથલપાથલ પણ કારણરૂપ છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આકડા જારી કરવામાં આવ્યા બાદ જાણવા મળે છે કે, સોનાની આયાતમાં ઘટાડાનો દોર જારી રહ્યો છે જે હજુ પણ જારી રહે તેવી વકી છે.

### સેલ્ફી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનેક વાત માત્ર એક સેલ્ફી દ્વારા કહેવી સક્ય છે અને એક સેલ્ફી તમારા અનેક રહસ્યો છતા કરી દે તેવુ પણ બની શકે છે. કેટલાય અભિનેતાઓ અને રાજકારણીઓ 'સેલ્ફી' પોષ્ટ કરવાની લ્હાયમાં વિવાદમાં પણ ફસાયા છે. જો કે ઝડપથી બદલાતી ફેશનની દુનિયામાં 'સેલ્ફી'નો આ અભરખો કેટલો ટકે છે તે જોવાનું રહે કારણ કે હજુ પાછળ જ લાઈનમાં પોતાના વર્ષો જૂના ફોટા પોસ્ટ કરવાનો નવો ટ્રેન્ડ દરવાજા ખખડાવી રહ્યો છે. યાદ કરો સેલ્ફી સાથે આ ચૂંટણીઓમાં સોશ્યલ મીડીયા પર નમોના નેટ ફેન્સ દ્વારા તેમના બાળપણ, યુવાવસ્થા અને આરએસએસના પ્રચારક સમયના કેટલાક ફોટા પણ ફરતા કરાઈને સારી એવી સહાનુભૂતિ પેદા કરવામાં ભાગ ભજવ્યો છે.

### ડેરાતંબુ તાણશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યાં આ કાર્યકરોને લોકસભાની એક-એક બેઠક પર પ્રચારની જવાબદારી સોંપવામાં આવશે. ગુજરાત પ્રદેશ ભાજપે ઉત્તરપ્રદેશનો જંગ જીતવા ગોઠવેલા માઈક્રો પ્લાનીંગ મુજબ તા. ૭મી મે ના રોજ ઉત્તરપ્રદેશની ૧૫ બેઠકોની ચૂંટણી પુરી થયા બાદ ગુજરાત ભાજપની આ આખી ફોજ તા. ૧૨મી મે ના રોજ યોજાનારી ઉત્તરપ્રદેશની અન્ય ૧૮ બેઠકો પર ગોઠવાઈ જશે. ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતની વડોદરા બાદ ઉત્તરપ્રદેશની વારાણસીની જે બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે તે બેઠક પર ચૂંટણીના અંતિમ તબક્કામાં એટલે કે તા. ૧૨મી મે ના રોજ મતદાન થનાર છે જ્યાં ભાજપના રાષ્ટ્રીય નેતાઓથી માંડી ગુજરાત સહિત દેશભરના ચુનંદા કાર્યકરોની ટીમ ઉતરી પડશે. અને નરેન્દ્ર મોદીને જંગી સરસાઈથી જીતાડવા એડીચોટીનું જોર લગાવી દેશે તેમ સુત્રો દ્વારા જાણવા મળે છે.